આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૮૦ | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૩, મંગળવાર; ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## જિલ્લામાં ૨૭ હજાર નવા મતદારો

### ખાસ ઝુંબેશના પ્રથમ રવિવારે તંત્રને નિરાશા સાંપડી : નવી અરજીઓ ત્રણ આંકડામાં પણ ના મળી : જિલ્લાના કુલ મતદારો ૧૦,૨૬,૧૮૦ થયા : સૌથી વધુ ગાંધીનગર(દ)ની બેઠક પર



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ૨૭ હજાર જેટલા નવા મતદારો નોંધાયા છે. જો કે ચૂંટણી પંચે હાથ ધરેલ મતદાર યાદી સુધારણા ઝુંબેશના પ્રથમ રવિવારના ખાસ અભિયાનનો કરૂણ રકાસ થવા પામ્યો છે.

વિધાનસભાની ચૂંટણીઓ બાદ સતત મતદાર યાદી સુધારણાના બીજા મહત્વના કાર્યક્રમ દરમ્યાન રવિવારે ખાસ અભિયાન યોજવાના પંચના આદેશનેપગલેજિલ્લામાં ત્રણ આંકડામાં પણ નવા મતદારોની નોંધણીના ફોર્મ મળ્યા નહિ હોવાનું બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

લોકસભાની ચૂંટણી પૂર્વે આ ઝુંબેશ મહત્વની હોવા છતાં રાજકીય પક્ષો અને નવા મતદારોમાં ઉત્સાહનો અભાવ જોવા મળ્યો હતો.

દરમ્યાન ૬ તારીખથી શરૂ થયેલ મતદારયાદી સુધારણા ઝુંબેશના પ્રારંભે પંચે જે મતદારયાદી પ્રસિદ્ધ કરી છે તેમાં ગાંધીનગર જિલ્લાના પાંચેય વિધાનસભા મત વિસ્તારમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૦,૨૬,૧૮૦ જેટલી પહોંચી છે.

વિધાનસભાની ચૂંટણી દરમ્યાન મતદારોની સંખ્યા ૯,૯૯,૦૧૭ હતી. નવી પ્રસિદ્ધ કરાયેલ મતદારયાદીમાં પુરૂષ મતદારોની સંખ્યા ૫,૩૧,૮૪૮ છે જ્યારે સ્ત્રી મતદારોની સંખ્યા ૪,૯૮,૫૨૨ છે.

મતદાર જાગૃતિ અભિયાન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ વખતે જે મતદારો ઉમેરાયા છે તેમાં સૌથી વધુ ગાંધીનગર (દ)ની બેઠક પર ઉમેરાયા છે. ખુબ ઝડપથી ગાંધીનગર શહેરની આસપાસનો વિસ્તાર વિકસી રહ્યો હોવાથી અહિ મતદારો વધવા પામ્યા છે.

ગાંધીનગર(ઉ)માં સ્થળાંતરની સૌથી વધુ અરજીઓ તંત્રને મળી હતી. ગાંધીનગર શહેરમાં નવા સેક્ટરોમાંથી આ અરજીઓ મળી હતી અને તેથી જ તંત્રએ મતદાન મથકોમાં શહેરના નવા બુથોની દરખાસ્ત પણ પંચને મોકલી છે. જિલ્લામાં આમ તો ૧૧ નવા મતદાન મથકોની દરખાસ્ત કરાઈ છે જે ઉલ્લેખનીય છે. ગાંધીનગર જિલ્લામાં યુવા અને મહિલા મતદારોની નોંધણી પર આગામી દિવસોમાં વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જે મતદારયાદી પ્રસિદ્ધ થઈ છે તેમાં ગાંધીનગર(ઉ) માટે ૨,૦૮,૦૩૨ નોંધાયેલા મતદારો છે. ગાંધીનગર(દ) માટે ૨,૫૦,૧૧૨, દહેગામ ૧,૭૭,૮૭૬, કલોલ ૧૯૪,૭૭૯ અને માણસામાં ૧,૯૫,૭૮૧ નોંધાયેલા મતદારો છે.

## ગાંધીનગર ગણેશમય બની ગયુ

### વિવિધ-૬ સ્થળોએથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નીકળી : ડીજેના સૂર વચ્ચે ભાવિકો ગુલાલની છોળો ઉડાડી ગણેશભક્તિમાં તરબોળ થયા : ગણેશોત્સવનો પ્રારંભ



(તસવીર : દીપક જાની)

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર આજે ગણેશ ભક્તિમાં તલ્લીન બની ગયું હતું. ગણેશચતુર્થી નિમિત્તે આજે શહેરમાં વિવિધ ૬ સ્થળેથી ભગવાન ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ગણપતિ બાપા મોરીયાના જયઘોષથી નગરના માર્ગો ગુંજી ઉઠ્યા હતા. શ્રીજીની શોભાયાત્રામાં ભગવાન ગણેશજીની ભવ્ય મૂર્તિઓની સાથે વાહનોનો કાફલો જોડાયો હતો. ગણેશભક્તિમાં તરબોળ ભાવિકોએ શોભાયાત્રા દરમિયાન ગુલાલની છોળો ઉડાડી આતશબાજી કરી હતી. ડી.જે.ના તાલ સાથે નીકળેલી શ્રીજીની ભવ્ય યાત્રામાં ભાવિકો નાચ-ગાન સાથે ઝુમી ઉઠ્યા હતા. શહેરમાં અનેકવિધ સ્થળોએથી નીકળેલી દિવ્ય અને ભવ્ય શોભાયાત્રાને વધાવવા દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. શોભાયાત્રાના અંતે નિયત સ્થળે વિઘ્નહર્તાની સ્થાપના કરી પૂજાવિધિ કરવામાં આવી હતી.

શહેરમાં આજે ગણેશભક્તિનો અનોખો રંગ જોવા મળ્યો હતો. આજથી શરૂ થયેલા ગણેશોત્સવના પ્રારંભે સવારે વિવિધ સેક્ટરોથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. સે. ૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા શ્રીજીની શોભાયાત્રા યોજવામાં આવી હતી. સે. ૨૬ સ્થિત કિસાનનગરમાં મીનાબેન વિક્રમભાઈ પવારના નિવાસ સ્થાનેથી શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. આ તબક્કે ગાંધીનગરના ધારાસભ્ય અશોક પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ, સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ, શંકરસિંહ રાણા, દિનેશ કાપડિયા સહીત મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. ડી.જે. બેન્ડની સૂરાવલી સાથે નીકળેલી ભવ્ય યાત્રા દરમિયાન ભાવિકોએ ગુલાલની છોળ ઉડાડી ગણપતિ બાપા મોરીયાના જયઘોષથી શ્રીજીની ભક્તિ વંદના કરી હતી. યાત્રા ખ-૬ થઈ સે. ૨૪ અને સે. ૨૩માંથી સે. ૨૨ રંગમંચ પહોંચી હતી. જ્યાં ભગવાન ગણેશજીની પૂજા અર્ચના કરવામાં આવી હતી. યાત્રાના રૂટમાં ભાવિકોએ લેઝીમના પ્રયોગો રજૂ કર્યા હતા. ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા પણ ભગવાન ગણેશજીની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સે. ૪-એ પ્લોટ નં. ૨૮૫/૨ ખાતે મુંજાલ રાવલના નિવાસસ્થાનેથી શ્રીજીની ભવ્ય મૂર્તિની શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. શોભાયાત્રામાં બ્રહ્મસમાજના અગ્રણીઓ તેમજ સ્થાનિક નગરસેવકો જોડાયા હતા. ડી.જે.ના બેન્ડ અને ૬૦ જેટલા વાહનો સાથે માર્ગો પરથી પસાર થતી યાત્રા દરમિયાન ભાવિકોએ ગણપતિબાપાની જય ઘોષ કરી યાત્રાને વધાવી હતી.

● અનુ.પાન-૬ પર

## વિશ્વ કૃષિ સંમેલનનો શાનદાર પ્રારંભ

### આધુનિક કૃષિ પ્રદર્શન-એગ્રી ટેક એશિયા એક્ઝીબીશનનું મુખ્યમંત્રી મોદીએ ભવ્ય ઉદ્ઘાટન કર્યું : ખેડૂતો ૧૨ સપ્ટેમ્બર સુધી કૃષિ પ્રદર્શન નિહાળી શકશે : ૧૪ દેશો અને ૨૩ રાજ્યો સમીટમાં જોડાયા



ગાંધીનગર, તા.૦૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહાત્મા મંદિરના પરિસરમાં યોજાઈ રહેલા વૈશ્વિક કૃષિ સંમેલન (વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ એગ્રીકલ્ચર સમિટ-૨૦૧૩માં અતિ આધુનિક કૃષિ પ્રદર્શન-એગ્રી ટેક એશિયા એક્ઝીબીશનનું ગરિમાપૂર્ણ ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી મોદીએ જણાવ્યું હતુ કે, હિન્દુસ્તાનમાં પ્રથમવાર કૃષિ વિષયક આવી સમીટ યોજાઈ છે. દુનિયાના ૧૪ દેશો અને દેશના ૨૩ રાજ્યો ભાગીદાર થયા છે. તેમણે આ એગ્રીટેકને ભારતનો સૌથી મોટો ફેર ગણાવ્યો હતો. મુખ્યમંત્રી મોદીએ એમ પણ જણાવ્યું હતુ કે, ઈઝરાયેલે કૃષિ ક્ષેત્રે પોતાની આગવી પહેચાન બનાવી છે ત્યાં આવી સમીટ દર ત્રણ-ચાર વર્ષે યોજાય છે. આપણે આ પ્રથમ પ્રયાસ છે જે ખેડૂતોને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ માટે માર્ગદર્શન બનશે અને ભારતના ગ્રામીણ જીવનમાં લાભ પહોંચાડવા ગુજરાત સરકારે જે પ્રયાસો કર્યો છે તે મહત્વનો બની રહેશે. કૃષિના પરંપરાગત ક્ષેત્રોની ઉત્પાદકતા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચાડવા માટે Doing by Seeing સિદ્ધાંત મુજબ રાજ્યના ખેડૂતોને ઘરઆંગણે રાષ્ટ્રી અને આંતરરાષ્ટ્રીય કક્ષાની કૃષિ ક્ષેત્રે થયેલી શોધો અને તકનીકો, નવી કૃષિ મશીનરીનું માર્ગદર્શન, બિયારણથી માંડીને બજાર સુધીની દેશી-વિદેશી ટેકનોલોજીની માહિતી એક જ સ્થળેથી મળી રહે હેતુસર મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલું આંતરરાષ્ટ્રીય કક્ષાનું ગ્લોબલ એગ્રી સમીટ કમ એક્ઝીબીશન તા. ૯મીએ બપોરે ૨-૦૦થી ૬-૦૦ કલાક દરમિયાન અને તા. ૧૦,૧૧ અને ૧૨ના રોજ સવારે ૧૦-૦૦થી સાંજે ૬-૦૦ કલાક સુધી પ્રદર્શન જાહેર જનતાને નિહાળવા અર્થે ખુલ્લી રહેશે. દેશભરમાં ગુજરાત કૃષિ ક્ષેત્રે અગ્રેસર રાજ્ય છે ત્યારે ગુજરાતની કૃષિને વૈશ્વિક નકશા પર મુકીને કૃષિકારોને ફેલાયેલા અને ૩ ખાસ એક્ઝીબીશન હોલમાં યોજાયેલા આ પ્રદર્શનની મુલાકાત અંદાજીત બે લાખથી પણ વધુ મુલાકાતીઓ લે તેવી શક્યતાઓ છે,

● અનુસંધાન પાન-૬ પર


## રદિયો

ઓમકારેશ્વર મહાદેવ મંદિર સેક્ટર-૪ ખાતે તા. ૭/૯/૨૦૧૩ના રોજ નવરાત્રી મંડળની મળેલ બેઠકમાં **નવરાત્રી મંડળના પ્રમુખશ્રીની વરણી** માટેના એક માત્ર એજન્ડાની બેઠક હતી. સેક્ટર-૪માં ફરતી કેટલીક પત્રિકાઓ અને છાપામાં આપેલ **જાહેરાતમાં શુભેચ્છક તરીકે લખેલ નામોમાં નીચે જણાવેલ નામોએ તેઓની અસહમતી જાહેર કરેલ છે.** તેઓને પત્રિકામાં અને છાપાની જાહેરાતમાંનાં લોકો સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર નથી કે લેવા દેવા નથી જેની નોંધ લેશો.

- શ્રી ભરતભાઈ પટેલ - સેક્ટર-૪/એ
- શ્રી પંકજભાઈ પટેલ - સેક્ટર-૪/ડી
- શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા - સેક્ટર-૪/એ
- શ્રી હિતેન્દ્રસિંહ વાઘેલા - સેક્ટર-૪/એ
- શ્રી બળદેવસિંહ રાણા - સેક્ટર-૪/બી
- શ્રી સુરેશભાઈ વકીલ - સેક્ટર-૪/સી
- શ્રી શૈલેષભાઈ સોની - સેક્ટર-૪/સી
- શ્રી કરમશી રબારી - સેક્ટર-૪/સી
- શ્રી કિર્તીભાઈ વૈષ્ણવ - સેક્ટર-૪/સી
- શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા - સેક્ટર-૪/સી
- શ્રી ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી - સેક્ટર-૪/સી
- શ્રી અતુલભાઈ પટેલ - સેક્ટર-૪/ડી

આપનો વિશ્વાસુ
સહી/-
(જગદીશ એચ. રાવલ)
પ્રમુખ, વસાહત મંડળ, સેક્ટર-૪



## હાર્દિક અભિનંદન

### સેક્ટર-૪, સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ સમિતિ

સેક્ટર-૪ વસાહત મંડળની તા. ૭/૯/૨૦૧૩ને શવિવાર રાત્રે નવ કલાકે ઓમકારેશ્વર મંદિર ખાતે એક સામાન્ય સભા મળી જેમાં વસાહત મંડળના પ્રમુખ તરીકે શ્રી તેજાભાઈ કે. દેસાઈ તથા સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ સમિતિના પ્રમુખ તરીકે શ્રી રાજેશ પટેલ (આર. આર. પટેલ)ની બહુમતિથી વરણી થયેલ તે બદલ અમો હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ....



**શ્રી તેજાભાઈ કે. દેસાઈ**
પ્રમુખ, વસાહત મંડળ, સે.૪

**શુભેચ્છકો**

શ્રી ભરતભાઈ પટેલ, સે.૪-એ પ્રમુખ
શ્રી જયેન્દ્રસિંહ ઝાલા, સે.૪-બી પ્રમુખ
શ્રી જયદીપ સાધુ, સે.૪-સી પ્રમુખ
શ્રી પંકજ પટેલ, સે.૪ડી પ્રમુખ



**શ્રી રાજેશભાઈ આર. પટેલ**
પ્રમુખ, સાર્વજનિક નવરાત્રિ સમિતિ, સે.૪

**સેક્ટર-૪-એ**

- નરેન્દ્રસિંહ ચાવડા
- દલપતસિંહ સોલંકી
- કનુભાઈ પ્રજાપતિ
- દિનેશભાઈ પરમાર
- એસ. એમ. સોલંકી
- કરણસિંહ દેસાઈ
- એ. કે. ગઢવી
- જે. વી. પટેલ
- રમેશભાઈ પ્રજાપતિ
- વિજયસિંહ હડિયોલ
- જે. સી. પરમાર
- જે. બી. પટેલ
- ડી. આઈ. પટેલ
- ભગુભાઈ પટેલ
- રતિભાઈ સુથાર
- રેવાભાઈ પ્રજાપતિ
- ધર્મેન્દ્ર ભાલકિયા
- મોતીભાઈ દેસાઈ
- સુરેન્દ્રસિંહ વાઘેલા
- હિતેન્દ્રસિંહ વાઘેલા
- સોમભાઈ રાવલ
- કાન્તીભાઈ કડિયા
- પરીખભાઈ
- પસાભાઈ ચૌહાણ
- કિર્તીભાઈ પરમાર
- નારાયણભાઈ પટેલ
- રાકેશભાઈ પટેલ
- કે. બી. પટેલ
- દિનેશ બારોટ
- અરૂણ પરમાર
- પી. એલ. પટેલ
- હસમુખભાઈ પટેલ
- કિરણભાઈ દાતણીયા
- ટી. પી. મહેતા
- ડાભીભાઈ
- રમેશ સોલંકી
- ડી. આર. પટેલ
- રામભાઈ પ્રજાપતિ
- જી. આર. રાઠોડ
- ભાઈલાલ મકવાણા
- ધાર્મિક દેસાઈ
- બાબુભાઈ રાઠોડ
- હિંમતભાઈ સોલંકી
- બત્રાભાઈ
- ડી. પી. પટેલ

**સેક્ટર-૪બી**

- જીતુભાઈ રાયકા - કોર્પોરેટર
- આર. બી. પટેલ
- વનરાજસિંહ વાઘેલા
- કનુભાઈ દેસાઈ - લોકરોડા
- ગાંડાભાઈ દેસાઈ - લોકરોડા
- બી. ટી. વાઘેલા
- જયેન્દ્રસિંહ ઝાલા
- સુરેશભાઈ જયસ્વાલ
- બળદેવસિંહ રાણા
- રાકેશભાઈ જાની
- ઈશ્વરભાઈ રાયકા
- કમશીભાઈ રબારી
- માલજીભાઈ દેસાઈ
- મોતીભાઈ દેસાઈ
- બાબુભાઈ દેસાઈ
- જયંતિભાઈ પટેલ
- ભલાભાઈ રબારી
- રમણભાઈ પટેલ
- અશોકભાઈ રાઠોડ
- પ્રવિણભાઈ દેસાઈ
- ઈશ્વરભાઈ દેસાઈ

**સેક્ટર-૪ડી**

- અનિલભાઈ પટેલ
- અતુલભાઈ પટેલ
- પંકજભાઈ પટેલ
- ઈશ્વરભાઈ જોષી
- નારણભાઈ પટેલ

**સેક્ટર-૪સી**

- વિષ્ણુભાઈ સાધુ
- બાબુભાઈ મારવાડી
- સુરેશભાઈ વકીલ
- ભોજાભાઈ ભરવાડ
- શૈલેષભાઈ સોની
- હસમુખરાય સોની
- ગોપાલજી ઠાકોર
- મનુભાઈ પટેલ
- બળદેવભાઈ દેસાઈ
- કિર્તીભાઈ વૈષ્ણવ
- ભુરાભાઈ દેસાઈ
- મહેન્દ્રસિંહ રાઠોડ
- નાગજીભાઈ દેસાઈ
- રામજીભાઈ દેસાઈ
- કનુભાઈ દેસાઈ-સોજા
- દિલિપસિંહ ચાવડા
- લાખુભા ખાચર
- મહેન્દ્રભાઈ ગોસ્વામી
- કિશોરભાઈ પરમાર
- શૈલેન્દ્રસિંહ બિહોલા
- પીતાંબર ભાખરીયા
- જયેશભાઈ પરમાર
- ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી
- નાનજીભાઈ રાઠોડ

તા.ક. : (૧) સેક્ટર-૪ નવરાત્રિના નવ દિવસ ઓરકેસ્ટ્રા પાર્ટીના ખર્ચ પેટે રૂ. ૧,૫૧,૦૦૦/- નવરાત્રિ સમિતિના પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ (આર. આર. પટેલ) તરફથી મળશે.
(૨) વસાહત મંડળના પ્રમુખ તથા નવરાત્રિ સમિતિના પ્રમુખને નમ્ર અરજ છે કે નવરાત્રિ સમય દરમિયાન સૌએ શાંતિ જાળવી નવરાત્રિ પર્વ ઉજવવા વિનંતી.